# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2026-27/84 Dt. 29/08/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

નીચે મુજબની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# સુરતના રેલવે પ્રશ્નો, નવી ટ્રેનો અને લોજિસ્ટિક્સ હબ અંગે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર સમક્ષ ચેમ્બરની વ્યાપક રજૂઆત

## દુરંતો એક્સપ્રેસને સુરત સ્ટોપેજ, બાંદ્રા-જેસલમેર ટ્રેનને દૈનિક કરવા, ઉત્રાણને સેટેલાઇટ સ્ટેશન બનાવવા SGCCIની માગ

## સિનિયર સિટીઝન્સને અગાઉ અપાતી રેલવે ભાડા રાહત પુનઃ શરૂ કરવા તેમજ મહિલાઓ અને વિદ્યાર્થીઓને માસિક પાસના દરોમાં રાહત આપવા ભારપૂર્વક અનુરોધ

### સુરત સ્ટેશન પર એસ્કેલેટર-લિફ્ટની નિયમિત જાળવણી, કરંટ ટિકિટ બારીઓ વધારવા અને મોડી રાત્રે 24 કલાક ઈ-રિક્ષા સેવા સુનિશ્ચિત કરવા રજૂઆત

### વેપારીઓ અને દૈનિક મુસાફરોની સુવિધા માટે વડોદરા અને મુંબઈ ડિવિઝનના DRM સાથે દર મહિને સંયુક્ત બેઠક યોજવા દરખાસ્ત

### ઉધના-પાલનપુર ટ્રેન પૂર્વવત શરૂ કરવા, લોકશક્તિને વિસનગર સ્ટોપેજ આપવા અને આગામી દિવસોમાં 'રેલવે કોન્ક્લેવ' યોજવાની દરખાસ્ત

સુરત, 29 ઓગસ્ટ 2026: સુરત અને દક્ષિણ ગુજરાતના ટેક્સટાઇલ, ડાયમંડ ઉદ્યોગ, વેપારીઓ અને લાખો દૈનિક મુસાફરોના રેલવે સંબંધિત પાયાના પ્રશ્નોના કાયમી ઉકેલ માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ

એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર  સમક્ષ એક વિસ્તૃત અને વ્યાપક પત્ર પાઠવી અસરકારક રજૂઆત કરવામાં આવી છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, "સુરત દેશનું અગ્રણી ઔદ્યોગિક કેન્દ્ર હોવાથી અહીં મજબૂત રેલવે કનેક્ટિવિટી અને આધુનિક પેસેન્જર સુવિધાઓ અનિવાર્ય છે. સુરત સ્ટેશન પર ભારણ ઘટાડવા ઉત્રાણ સ્ટેશનને સેટેલાઇટ હબ તરીકે વિકસાવવું જોઈએ. મહત્વની લાંબા અંતરની ટ્રેનોના સ્ટોપેજ અંગે પશ્ચિમ રેલવે તંત્ર ત્વરિત હકારાત્મક નિર્ણય લે તેવી અમારી પ્રબળ માગણી છે."

સિનિયર સિટીઝન્સ, મહિલાઓ અને વિદ્યાર્થીઓ માટે ભાડા રાહતની માગ: ચેમ્બર દ્વારા પશ્ચિમ રેલવે સમક્ષ વિશેષ ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી છે કે, રેલવે દ્વારા સિનિયર સિટીઝન્સને ટિકિટ ભાડામાં અગાઉ અપાતું કન્સેશન (રાહત) વરિષ્ઠ નાગરિકોના હિતમાં તુરંત પુનઃ શરૂ કરવું જોઈએ. આ ઉપરાંત દૈનિક અપ-ડાઉન કરતી મહિલા મુસાફરો અને વિદ્યાર્થીઓને માસિક/સીઝનલ પાસની રકમમાં વિશેષ રાહત આપવા તેમજ સામાન્ય નોકરિયાતો માટે સીઝનલ પાસ ઇશ્યૂ કરવાની પ્રક્રિયા વધુ સરળ બનાવવાની માગણી કરાઈ છે.

**નવી ટ્રેનો, સ્ટોપેજ અને સમયપત્રકમાં સુધારા:**

- **મુંબઈ-હિસાર દુરંતો એક્સપ્રેસ (12239/12240):** સુરતના ટેક્સટાઇલ અને ડાયમંડ વેપારીઓની અવરજવર માટે આ સુપરફાસ્ટ ટ્રેનને સુરત ખાતે વાણિજ્યિક સ્ટોપેજ આપવું અનિવાર્ય છે.
- **બાંદ્રા ટર્મિનસ - જેસલમેર (22931/22932):** રામદેવરા યાત્રાધામ, પ્રવાસન તેમજ સોલાર, સિમેન્ટ અને માર્બલ ઉદ્યોગકારો માટે અતિ મહત્વની આ ટ્રેનમાં ભારે ધસારો રહેતો હોવાથી તેની ફ્રીક્વન્સી વધારીને દૈનિક કરવી.
- **સુરત-મુંબઈ-અમદાવાદ અને વંદે ભારત:** વેપારીઓ સવારે જઈને સાંજે સુરત પરત ફરી શકે તે મુજબ વંદે ભારત એક્સપ્રેસનું સમયપત્રક ગોઠવવું તેમજ મુંબઈ-અમદાવાદ રૂટ પર વધુ ટ્રેનો દોડાવવી. હરિદ્વાર અને ઉદયપુર રૂટ પર ફેરા વધારવા.
- **ઉત્તર ગુજરાત રૂટ:** પાલનપુર તરફ જતા વરિષ્ઠ નાગરિકો માટે અટકેલી ઉધના-પાલનપુર ટ્રેન સેવા પૂર્વવત કરવી તેમજ લોકશક્તિ એક્સપ્રેસને વિસનગર સ્ટેશન પર સ્ટોપેજ આપવું.

**ઉત્રાણ સ્ટેશનને સેટેલાઇટ સબ-અર્બન હબ તરીકે વિકસાવવા માગ:**

વરાછા, મોટા વરાછા, કીમ, સરોલી તેમજ ટેક્સટાઇલ-ડાયમંડ હબના મુસાફરો માટે ઉત્રાણ સ્ટેશન અત્યંત અનુકૂળ હોવાથી, સચિન અને ઉધનાની તર્જ પર ઉત્રાણ સ્ટેશનને સેટેલાઇટ સ્ટેશન તરીકે અદ્યતન બનાવવું. જેનાથી મુખ્ય સુરત સ્ટેશન પર ટ્રાફિકનું ભારણ હળવું થશે.

**સ્થાનિક પેસેન્જર સુવિધાઓ અને નિયમિત સંયુક્ત બેઠક**

સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ 1 અને 2 પર ટ્રેનોના સમયે જ બંધ રહેતી લિફ્ટ અને એસ્કેલેટરની નિયમિત જાળવણી કરવી, અનરિઝર્વ્ડ અને કરંટ ટિકિટ બારીઓની સંખ્યા વધારવી તથા મોડી રાત્રે આવતા પરિવારોની સલામતી માટે 24 કલાક ઈ-રિક્ષા સેવા ચાલુ રાખવા જણાવાયું છે. સુરતના પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે વડોદરા અને મુંબઈ ડિવિઝનના DRM સાથે દર મહિને SGCCI ખાતે નિયમિત સંયુક્ત બેઠક યોજવા તથા આગામી દિવસોમાં રેલવેના ઉચ્ચ અધિકારીઓ સાથે રેલવે કોન્ક્લેવ યોજવાની દરખાસ્ત પણ મૂકવામાં આવી છે.